Extra No. 68

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, MARCH 2, 2026 / PHALGUNA 11, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૨૬

તારીખઃ ૨જી માર્ચ, ૨૦૨૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટસમેન.

GUJARAT BILL NO. 8 OF 2026.

GUJARAT CLINICAL ESTABLISHMENTS (REGISTRATION AND REGULATION) (AMENDMENT) BILL, 2026.

A BILL

further to amend the Gujarat Clinical Establishments (Registration and Regulation) Act, 2021.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે :-

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૮

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૬.

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

સન ૨૦૨૧નો ગુજરાતનો ૧૮મો.

સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૨. ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૯માં, પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૪) કોઈપણ ચિકિત્સા સંસ્થાએ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી મુદતની અંદર રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઈશે.".

સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૮ બદલવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮ને બદલે, નીચેની કલમ મૂકવી:-

કામચલાઉ રજિસ્ટ્રેશન માટેની સમયમર્યાદા.

"૧૮. જે ચિકિત્સા સંસ્થા માટે રાજ્ય સરકારે ધોરણો જાહેર કરેલા હોય તેવી ચિકિત્સા સંસ્થાઓના સંબંધમાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી મુદત પછી કામચલાઉ રજિસ્ટ્રેશન કરી આપવું જોઈશે નહિ અથવા તાજું (રિન્યુ) કરી આપવું જોઈશે નહિ.".

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, ગુજરાત રાજ્યમાં ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટ્રેશન અને નિયમન માટેની જોગવાઇ કરવા ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ અધિનિયમિત કર્યો છે. સમગ્ર રાજ્યમાં અધિનિયમનું અસરકારક અમલીકરણ કરવાના ઉદ્દેશથી, અધિનિયમ દ્વારા ફરમાવ્યા પ્રમાણેના રજિસ્ટ્રેશન માટે ચિકિત્સા સંસ્થાઓને વધુ વાજબી સમયગાળો પૂરો પાડવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

પ્રફુલ પાનશેરીયા,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૨.- આ કલમથી બદલવા ધારેલી ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ની કલમ ૯ની પેટા-કલમ (૪)થી, કોઇ ચિકિત્સા સંસ્થાએ જે મુદતની અંદર રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઇશે તે મુદત, રાજપત્રમાં, જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવાની રાજ્ય સરકારને સત્તા મળે છે.

કલમ ૩.- આ કલમથી બદલવા ધારેલી ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ની કલમ ૧૮થી, જે ચિકિત્સા સંસ્થાઓ માટે રાજ્ય સરકારે ધોરણો જાહેર કરેલા હોય તેવી ચિકિત્સા સંસ્થાઓનું કામચલાઉ રજિસ્ટ્રેશન જે મુદત પછી કરી આપવું જોઇશે નહિ અથવા તાજું (રિન્યુ) કરી આપવું જોઇશે નહિ તે મુદત, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરવાની રાજ્ય સરકારને સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨જી માર્ચ, ૨૦૨૬. **પ્રફુલ પાનશેરીયા.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,

તારીખ: ૨જી માર્ચ, ૨૦૨૬.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.24 20:04:02 IST